મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૨-૦૬-૨૦૨૫
સોમવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૪૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### પાલિકા તંત્રની બેદરકારીના કારણે વિજાપુરમાં ચક્કર વિસ્તારની આસપાસ રહેતા લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે

## વિજાપુરની અજીબોગરીબ ઘટના, પાલિકાએ નવી પાઈપલાઈનમાં છોડેલું ૨૦ લાખ લીટર પાણી થઈ ગયું ગાયબ : લોકો ત્રાહિમામ્

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

વિજાપુર નગરપાલિકાનો અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. વ્હોરવાડથી ચક્કર વિસ્તારમાં પાણીના ધાંધિયા જોવા મળ્યાં છે. થયું એવું કે, નગરપાલિકાએ નવી પાઈપલાઈનમાં છોડેલું પાણી જ ગાયબ થઈ ગયું. નગરપાલિકા દ્વારા નવી પાણીની પાઈપલાઈન નાંખવામાં આવી હતી. નવી પાઈપલાઈનમાં પાણી છોડાયું પણ પાણી પહોંચ્યું નહિ. ૨૦ લાખ લીટર પાણી છોડાયું પણ પાણી રહીશો સુધી પહોંચ્યું જ નથી. આમ, સ્થાનિક લોકો પાણીના અભાવે ત્રાહિમામ પોકારી ગયા છે.

વિજાપુરમાં ભર ઉનાળે પાણી માટે ચક્કર વિસ્તારના લોકો વલખા મારતા જોવા મળી રહ્યા છે. વિજાપુરના ચક્કર વિસ્તાર આસપાસ મોમન વાડાથી કસાઈ વાડા સોનીવાડા છાપરીયા વાસ બંગલા વિસ્તાર શેખવાડો ઝાંઝલ વાડો ચક્કરથી હુસેની ચોક ચબૂતરા અને ચક્કરથી દોશીવાડા રોડ પર રહેતા અંદાજિત ૮ થી ૯ હજાર લોકો હાલમાં પાણી માટે વલખા મારી રહ્યાં છે. આ વિસ્તારમાં ત્રણ દિવસે એક વાર પાણી આવતું હોવાની રાવ ઉઠી છે. નગરપાલિકા પાણી વેરો તો વસૂલી રહી છે, પરંતુ પૂરતું પાણી પહોંચાડવામાં અસફળ થઈ હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

આ વિસ્તારની પાણીની સમસ્યા દૂર કરવા પાલિકા તંત્ર દ્વારા કરોડોના ખર્ચે નવી લાઈન નાખવામાં આવી લાઈન નાંખવામાં આવી હતી. તેમાં ગત ૨૬ તારીખના રોજ પાણી પણ છોડાયું હતું, પણ પાણી નળ સુધી પહોંચ્યું જ નહિ. જેથી આ વિસ્તારના સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બાર મહિનાનો વેરો વસૂલવામાં આવે છે. પરંતુ પાણી માત્ર છ મહિના જ મળે છે એટલે ત્રણ દિવસે એક વાર પાણી આવતું હોવાની વાત અહીંયાના સ્થાનિકો કરી રહ્યા છે. પૂરતું પાણી ન મળી રહેતા લોકો ટેક્રરથી પાણી મંગાવવા મજબૂર બન્યા છે અને પોતાના ઘરમાં મસ મોટા ટાંકા રાખી તેમાં પાણીનો સંગ્રહ કરવા મજબુર બન્યા છે. આ વિસ્તારના સ્થાનિક લોકો તેમને પાણી દરરોજ મળી રહે તેવી માંગ કરી રહ્યા છે.

વિજાપુરના આ ચક્કર વિસ્તારની પાણીની સમસ્યા દૂર કરવા પાલિકા તંત્ર દ્વારા કરોડોના ખર્ચે નવી પાઈપલાઈન નખાઈ હતી અને ૨૬ તારીખે પાણી છોડવાની જાહેરાત કરાઈ. જેમાં પાણી તો છોડાયું પણ આ વિસ્તારના લોકોના ઘર સુધી ન પહોંચ્યું, સમગ્ર મામલે વિજાપુર



નગરપાલિકાના ચીફ ઓફિસર ભરત વ્યાસ સાથે વાત કરતા જેમાં પહેલા તો પ્રેશર ઓછું હોવાના કારણે પાણી પહોંચ્યું ન હોવાની વાત જણાવી. તેમણે કહ્યું કે, હાલ જૂની લાઈનમાં એકાંતરે પાણી આપીએ છીએ. પાણી અને તેનો ચાર્જ કનેક્શન દીઠ ૮૦૦ રૂપિયા લઈએ છીએ. જ્યારે પાલિકાનો કનેક્શન દીઠ ઓવર ઓલ ચાર્જ ૨૮૦૦ રૂપિયા થાય છે, જે મેં વધારવાનું વિચારી રહ્યા છીએ.

આ પાઈપલાઈનના ડિઝાઈનિંગમાં ક્યાંક મિસ્ટેક છે કે કેમ તેના ટેસ્ટીંગ માટે જ પાણી છોડાયું તેની ફરિયાદો આવતા રૂબરૂ વિઝીટ કરી ફેરફારો કરવામાં આવશે. ત્યારબાદ ફરી પાણી છોડીને ટેસ્ટિંગ કરવામાં આવશે તેવું જણાવ્યું હતું. પાલિકા તંત્ર હાલમાં ચક્કર વિસ્તારમાં પૂરતું પાણી તો નથી આપી રહ્યા તે સ્વીકારવાના બદલે કનેક્શન દીઠ ચાર્જ ઓછો લઈ રહ્યા છે તે વધારવાની વાત કરી રહ્યા છે. જ્યારે આ પાઈપલાઈન નંખાઈ હશે ત્યારે તંત્રએ તેની સ્થળ વિઝીટ કરી તપાસ નહીં કરી હોય તેની ચકાસણી નહીં કરી હોય તે પણ એક સવાલ.

એક તરફ તો રાજ્ય સરકાર લોકોના ઘર સુધી પાણી પહોંચાડવા કટિબદ્ધ છે તો બીજી તરફ સ્થાનિક પાલિકા તંત્ર ની બેદરકારીના કારણે હાલમાં વિજાપુર ચક્કર વિસ્તારના લોકો પાણી માટે વળખા મારી રહ્યા છે ભર ઉનાળે પાણી ન મળતા હાલમાં લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે ત્યારે હવે જોવું રહ્યું કે આ પાલિકાનું નઘરોળ તંત્ર આ ચક્કર વિસ્તારના સ્થાનિક રહીશોની પાણીની સમસ્યા ક્યારે દૂર કરે છે કે પછી જેસે તેની પરિસ્થિતિમાં આ લોકોને પાણી આપવામાં આવે છે.

### નીતિન પટેલની સંમતિ વિના ભાજપ ઉમેદવારની જાહેરાત કરશે નહિ તેવી ચર્ચા

## કડી વિધાનસભાની બેઠકની પેટા ચૂંટણીમાં ઉમેદવારની પસંદગીને લઈને ભાજપા અને કોંગ્રેસ પક્ષમાં મુંઝવણ

(ગરવી તાકાત) કડી તા.૧

કડી વિધાનસભાની પેટાચૂંટણી ૧૯ જૂને યોજાવાની છે. આમ આદમી પાર્ટી અને શંકરસિંહ વાઘેલાની પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીએ તેમના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. તમામ પક્ષોના કાર્યાલયોનું ઉદ્ઘાટન થઈ ચૂક્યું છે.

ચૂંટણી ફોર્મ ભરવાનો સોમવારે છેલ્લો દિવસ છે. રવિવારના ૫ વાગ્યાની સાંજ સુધીમાં કોંગ્રેસ અને ભાજપે ઉમેદવારોની જાહેરાત નથી કરી.

શનિવારે કોંગ્રેસની જાહેર સભામાં રમેશ ચાવડા સહિત ત્રણ સંભવિત ઉમેદવારોને મંચ પર બોલાવવામાં આવ્યા હતા.



કોંગ્રેસ તરફથી પૂર્વ ધારાસભ્ય રમેશ ચાવડાનું નામ લગભગ નક્કી માનવામાં આવે છે. આ કારણે ભાજપ ઉમેદવારની પસંદગીમાં મુશ્કેલી અનુભવી રહ્યું છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની સંમતિ વિના ભાજપ ઉમેદવારની જાહેરાત કરશે નહીં તેવું મનાય છે.

ભાજપમાં બે નામો માટે લોબિંગ ચાલી રહ્યું છે. જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પ્રહલાદભાઈ પરમાર, જે નીતિન પટેલના નજીકના માનવામાં આવે છે. બીજા, સુરેશ પરમાર, જેઓ મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન વિનોદભાઈ પટેલના નિકટના માનવામાં આવે છે.

### પૂરઝડપે અને બેદરકારીની વાહન હંકારતા

## ઊંઝા નજીક અજાણ્યા વાહને ૬ વર્ષના બાળકને ટક્કર મારતાં ગંભીર ઈજાઓ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

ઊંઝા તાલુકાના અરણીપુરા પાટીયા વિસ્તારમાં એક ગંભીર અકસ્માત સામે આવ્યો છે. અહીં એક ફોર વ્હીલર વાહને ૬ વર્ષના બાળકને ટક્કર મારતા તેને ગંભીર ઈજાઓ થઈ છે.

ઘટના અરણીપુરા પાટીયા પાસે બની હતી. દાહોદ જિલ્લાના ઝાલોર મુવાડા ગામના વતની અને હાલ અરણીપુરા પાટીયા પાસે ફેક્ટરીમાં મજૂરી કરતા ચંપાબેન લાલુભાઈ વસૈયા પોતાના પૌત્ર પ્રકાશને લઈને પડીકું લેવા ગયા હતા.

પ્રકાશ રોડની બાજુમાં ઊભો હતો ત્યારે એક અજાણ્યા ફોર વ્હીલર વાહન ચાલકે પૂરઝડપે અને




બેદરકારીથી વાહન ચલાવીને તેને ટક્કર મારી હતી. અકસ્માતમાં પ્રકાશને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને શરીરે પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી.

ઘટના બાદ ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ચંપાબેનના નિવેદનના આધારે ઉનાવા પોલીસે અજાણ્યા ફોર વ્હીલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### નિર્ધારીત સમય મર્યાદામાં કામ પૂણ ન કરતાં બન્ને વચ્ચે વિવાદ સર્જાયો

## મહેસાણામાં કોન્ટ્રાક્ટરની ઓફિસમાં તોડફોડ કરવા મામલે બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

મહેસાણાના અક્ષરધામ ફ્લેટમાં રહેતા અમરભાઈ પટેલે ઊંઝા નગરપાલિકાના ટાઉન હોલનું કામ ૪ વર્ષ પહેલા મેળવ્યું હતું. તેમણે આ કામ પાલનપુરના અરહમ બિલ્ડકોઈનના વિક્રમભાઈ રાવલને પેટા કોન્ટ્રાક્ટમાં સોંપ્યું હતું.

વિક્રમભાઈએ નિર્ધારિત સમયમર્યાદામાં કામ પૂર્ણ ન કરતા બંને વચ્ચે વિવાદ સર્જાયો હતો. અમરભાઈએ વારંવાર ફોન કરીને કામ પૂર્ણ કરવા જણાવ્યું હતું.

૧૬મી મેના રોજ વિક્રમભાઈ રાવલ, તેમના ભાઈ જનકભાઈ રાવલ અને અન્ય બે વ્યક્તિઓ મહેસાણા



ખાતેની અમર

ભાઈની ઓફિસે પહોંચ્યા હતા. આરોપ મુજબ, ત્યાં તેમણે અમરભાઈ સાથે બોલાચાલી કરી અને ઓફિસમાં કોમ્પ્યુટર સહિતની વસ્તુઓની તોડફોડ કરી હતી. અમરભાઈએ બંને ભાઈઓ વિરુદ્ધ મહેસાણા બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

### કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં યોજાયો

## સિધ્ધપુર ડીવીઝન ગ્રીડ સ્ટાફની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીનો સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

સિદ્ધપુર સરકારી નર્સિંગ કોલેજ ખાતે સિધ્ધપુર ડીવીઝન ગ્રીડ સ્ટાફની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ના સુવર્ણ જયંતિ સમારોહ માન. કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં યોજાયો હતો.આ સમારોહ કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે ઓફિસ ડાયરીનું વિમોચન તેમજ મૃત્યુ સહાય નિધિ અંતર્ગત પાંચ લાખનો ચેક અર્પણ, નિવૃત્ત કર્મચારીનુ સન્માન અને સભાસદોના ધોરણ ૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે સફળતા બદલ ઈનામ વિતરણ કરવામાં આવ્યું

આ પ્રસંગે પૂર્વ મંત્રી વાસણભાઈ આહિર, યુજી વીસીએલ એમડી એન.એફ ચૌધરી, પ્રમુખ સુરેશભાઈ જી.



દેસાઈ , સિનિયર જનરલ સેક્રેટરી બળદેવભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ , ચેરમેન જિલ્લા સહકારી સંઘ પાટણ, વી. બી. બોડાત - અધિક્ષક ઈજનેર, એ. એચ. પટેલ - કાર્યપાલક ઈજનેર, યુજીવીસીએલ., વિભાગીય કચેરી સિધ્ધપુર, વી. આર. ચૌધરી - કાર્યપાલક ઈજનેર, જેટકો, વિભાગીય કચેરી ખેરાલુ, કારોબારી સભ્યશ્રીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

### જિજ્ઞેશ મેવાણીના કડીમાં પ્રભારી ન બનવાનું સાચું કારણ સામે આવ્યુ : આ તસવીરથી શરૂ થયું મહાભારત

## જિજ્ઞેશ મેવાણીએ પોતાના જ પક્ષ પર ભડાસ કાઢ્યા બાદ હવે તેમની કડીના આપના ઉમેદવાર સાથેની તસવીરો વાયરલ થઈ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

ગુજરાતમાં પેટાચૂંટણીના ગરમાવા વચ્ચે જિગ્નેશ મેવાણીએ પોતાજ જ પક્ષ સામે મોરચો માંડ્યો છે. ત્યારે આ વચ્ચે જિગ્નેશ મેવાણીએ આમ આદમી પાર્ટીએ કડીથી જાહેર કરેલા ઉમેદવાર જિગ્નેશ ચાવડા સાથેની તસવીરો ચર્ચા જગાવી રહી છે. ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા જિજ્ઞેશ મેવાણીની એક પોસ્ટ હાલ સોશિયલ મીડિયામાં જોરદાર વાયરલ થઈ છે. અમરેલીમાં દલિત યુવાનની હત્યા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને કોંગ્રેસ પક્ષથી નારાજ વડગામના કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ઠ પર પોસ્ટ કરી ગુજરાત કોંગ્રેસના નેતાઓ



સામે નિશાન ટાંક્યું છે. આ પોસ્ટ બતાવે છે કે, જિગ્નેશ મેવાણી કોંગ્રેસના કેટલાક નેતાઓથી નારાજ છે, અને હવે તેઓ ખૂલીને બોલવા લાગ્યા છે.

જિજ્ઞેશ મેવાણીએ ઠ પર પોસ્ટ કરી લખ્યું છે કે, હવે તો બીજા પક્ષના નેતા પણ કહી ગયા કે તમારામાં ફૂટેલી કારતૂસો ભરી છે. કાઢો ને, શેની રાહ જુઓ છો?. બી ટીમ, ફૂટેલી કારતૂસો, સામેના કેમ્પ જોડે સેટિંગ કરવા વાળા, લગ્નના ઘોડા આ બધાને કાઢવામાં દુઃખે છે ક્યાં? મારું નહિ તો રાહુલજીનું તો માન! જોકે, મેવાણીની પોસ્ટ બાદ હવે મેવાણીની કડી વિધાનસભા પેટા ચૂંટણીમાં છછઁ ઉમેદવાર જગદીશ ચાવડા સાથેની તસવીરો ખળભળાટ મચાવી રહી છે. ચર્ચા છે કે, જગદીશ ચાવડા એ જિગ્નેશ મેવાણીનો સાથી છે. જગદીશ ચાવડા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચનો સક્રિય સભ્ય છે. જિગ્નેશ મેવાણીએ વર્ષ ૨૦૧૬ માં રાષ્ટ્રીય દલિત અધિકાર મંચની રચના કરી હતી. તસવીરોમાં જોઈ શકાય છે કે, છછઁ કડીના ઉમેદવાર જગદીશ ચાવડા અને જિગ્નેશ મેવાણી એક ફ્રેમમાં છે. તો બીજી તરફ, કડી કોંગ્રેસના પ્રભારી તરીકેની જવાબદારીમાંથી દુર હટવાનું પણ આ એક કારણ માનવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ જિગ્નેશ મેવાણીના છછઁ ઉમેદવાર સાથેના ફોટો વાયરલ થયા છે. હજી ગઈકાલે જ જિગ્નેશ મેવાણીએ એક્સ પર કોંગ્રેસના વિરોધમાં પોસ્ટ કરી હતી. તો થોડા સમય પહેલા જીજ્ઞેશ મેવાણીને કડી બેઠક પર પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી, પણ તેમણે ધરાર ના પાડી હતી. હવે તેમની જગ્યાએ પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખને જવાબદારી આપવી પડી છે. પ્રદેશ નેતાગીરીથી નારાજ મેવાણીએ દિલ્હી દરબારમાં રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે.

આમ, હાલ ગુજરાતની પેટાચૂંટણીમાં ઉમેદવારોને છોડીને જિગ્નેશ મેવાણી સૌથી વધુ ચર્ચાસ્પદ બની રહ્યાં છે. હજી તો કોંગ્રેસે ઉમેદવાર જાહેર કર્યો નથી, પરંતુ તે પહેલાં વાયરલ ફોટોથી અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.




# સિંધમાં આક્રોશ

ભારત દ્વારા સિંધુ જળ સંધિ સ્થગિત કરાયા બાદ પાકિસ્તાન તરફથી 'પ્રતિક્રિયા' આવવી શરૂ થઈ ગઈ છે. સિંધમાં પ્રદર્શનકારીઓએ ગૃહ મંત્રી જિયાઉલ હસન લંજારનું ઘર જ આગને હવાલે કરી દીધું. આ તો માત્ર શરૂઆત છે. ભારતનું 'જળાસ્ત્ર' ભવિષ્યમાં ઘાતક મિસાઈલોથી પણ વધુ અસરકારક સાબિત થઈ શકે છે. પાકિસ્તાનના પંજાબી શાસકો જાણે છે કે આજે નહીં તો કાલે, વિરોધ અને નફરતની આધારશિલા પર ઊભેલું તેમનો દેશ તૂટી જશે. એટલે તેઓ પોતાના પ્રાંત માટે અગાઉથી બધી વ્યવસ્થા કરવા માગે છે. તેઓએ હંમેશા સિંધ, બલૂચિસ્તાન અને ખૈબર પખ્તૂનખ્વાની અવગણના કરી છે. તેઓ સિંધુ નદી પર કેનાલ બાંધવાનો પ્રયાસ એ માટે કરી રહ્યા છે કે જેથી સિંધના અધિકાર છીનવી શકાય. પાકિસ્તાનમાં સિંધ અને પંજાબ વચ્ચેનો સંઘર્ષ ખૂબ જૂનો છે. પંજાબી સૈન્ય અને નેતાઓની એકપક્ષીયતા લીધે સિંધુદેશની માંગ ઊભી થતી રહી છે. આ વખતે સિંધની પ્રજાએ જે રીતે વિરોધ નોંધાવ્યો, એ તેમનો પુણ્યપ્રકોપ છે. આ દરમ્યાન જે નારેબાજી થઈ, તેમાં પણ સિંધુદેશની માંગ ઉઠાવવામાં આવી હતી. જેના કારણે ઈસ્લામાબાદ અને રાવલપિંડીના શાસકો ચિંતિત થઈ ગયા છે. જો સિંધમાં સ્વતંત્રતાની લહેર જોર પકડે છે, તો તેને દબાવવી પાકિસ્તાની સેના માટે ખૂબ મુશ્કેલ થઈ જશે. સિંધની સીમા ભારત સાથે જોડાયેલી છે. જો ભવિષ્યમાં પાકિસ્તાની સેના સિંધના લોકો પર મોટા પાયે દમન ચલાવે અને લોકો આંતરરાષ્ટ્રીય સરહદ સુધી મદદ માટે પહોંચી જાય (જેમ ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાનમાં થયું હતું), તો ભારત તેમાં હસ્તક્ષેપ કરી શકે છે.

સિંધના અનેક વિસ્તારોમાં રહેતા લોકો આ દિવસોમાં સોશિયલ મીડિયામાં વીડિયો અને ફોટા પોસ્ટ કરીને જણાવી રહ્યા છે કે ત્યાં નદીમાં પાણી બહુ ઓછું રહી ગયું છે. ઘણી જગ્યાએ તો દુકાળ જેવી સ્થિતિ છે. તેઓ સમજી રહ્યા છે કે આ માટે સૌથી વધુ જવાબદાર જનરલ આસિમ મુનીર છે. ભારતે ક્યારેય પાણી બંધ ન કર્યું હતું, ત્યાં સુધી કે યુદ્ધ દરમિયાન પણ સિંધુનું પાણી વહેતું રહ્યું હતું. હવે મોદી સરકારે ખૂબ કડક નિર્ણય લીધો છેઃ પાણી અને લોહી સાથે વહી ન શકે. આ એવો નિર્ણય છે, જે પાકિસ્તાનની આખું અસ્તિત્વ ખતમ કરી શકે છે.

એક વર્ષમાં પાકિસ્તાનમાં અનાજ, દાળ, શાકભાજી, દૂધ, ઘી અને અન્ય ચીજોની કિંમતોમાં ભારે ઉછાળો જોવા મળી શકે છે. સિંધુને પાકિસ્તાનની 'જીવન રેખા' એમ જ નથી કહેવાતી. પાકિસ્તાનના દુરાચરણોને નિયંત્રિત કરવા માટે ભૂતકાળની સરકારોએ આવો નિર્ણય લેવો જોઈએ હતો. પાકિસ્તાનની અર્થવ્યવસ્થા પહેલેથી જ ગંભીર દબાણ હેઠળ છે. જો સિંધુનું પાણી અટકાવવામાં આવે, તો તે કેટલાં મહિના ટકી શકે? ત્યાં માત્ર એક મહિનામાં જ મોંઘવારી આસમાને આંબી છે. બજારથી લઈને ઘર સુધી તેની અસર દેખાઈ રહી છે. જેમ જેમ સ્થિતિ વધારે વિકટ બનશે, તેમ તેમ પાકિસ્તાન તરફથી ધમકીઓ પણ વધી જશે. તે કેટલીક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓને બોલાવીને તેમની સામે રોદણાં રડશે. તેના નેતાઓ આવી સંસ્થાઓના મંચ પર ભાષણો કરીને વિનંતી કરશે કે અમારું દેવું માફ કરો અને ભારત પર દબાણ કરો. સોશિયલ મીડિયા પર ખોટા ફોટા પોસ્ટ કરીને સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કરશે. દૂષ્પ્રચારના નવા-નવા હથિયારો અજમાવાશે. એ સમયે ભારત સરકારે અને ભારતના નાગરિકોએ દૃઢતા દાખવવી પડશે. આતંકવાદ સામેની આ લડત લાંબી ચાલશે, પરંતુ પરિણામો ઠોસ આવશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## પીએમના હસ્તે ઈન્દોર મેટ્રો, દતિયા-સતના એરપોર્ટનું વર્ચ્યુઅલી ઉદઘાટન

# આતંકીઓએ નારીશક્તિને પડકારેલી અને તે જ તેનો કાળ બની : મોદી

**ભોપાલમાં મહિલા સશક્તિકરણ મહાસંમેલનમાં વડાપ્રધાન મોદીનું સંબોધનઃ પાકિસ્તાન સાથેના સંઘર્ષમાં બીએસએફની દીકરીઓએ દુશ્મનોની ચોકીઓને નેસ્તનાબૂદ કરી દીધી હતીઃ દેવી અહિલ્યાબાઈ કહેતી હતી કે શાસનનો ખરો અર્થ જનતાની સેવા કરવાનો છેઃ મોદી**



ભોપાલ (મધ્યપ્રદેશ) તા.૦૧

વડાપ્રધાન મોદી આજે રાજધાની ભોપાલ પહોંચ્યા હતા. અહીં એમણે ઈન્દોર મેટ્રો, દતિયા ખતના એરપોર્ટનું વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યુ હતું. અહીં વડાપ્રધાનના હસ્તે અનેક મોટી યોજનાઓને લીલીઝંડી આપી હતી. આ તકે વડાપ્રધાને ઓપરેશન સિંદુરને યાદ કરી કહ્યું હતું કે આતંકીઓએ નારી શક્તિને પડકાર ફેંકયો હતો અને તે જ તેના આકાઓનો કાળ બની હતી.

સિંદુર આપણી પરંપરામાં નારીશક્તિનું પ્રતીકઃ વડાપ્રધાને જણાવ્યું હતું કે સિંદુર આપણી પરંપરામાં નારી શક્તિનું પ્રતીક છે. રામભક્તિથી રંગાયેલા હનુમાનજીએ પણ સિંદુરને ધારણ કર્યું છે. શક્તિ પૂજામાં આપણે સિંદુરને જ અર્પણ કરીએ છીએ. આ જ સિંદુર હવે ભારતના શૌર્યનું પ્રતીક બની ગયું છે.

પહેલગામમાં આતંકીઓએ માત્ર ભારતીયોનું લોહી જ નહોતું વહાવ્યું. બલ્કે તેમણે આપણી સંસ્કૃતિ પર પણ પ્રહાર કર્યો હતો. તેમણે સમાજમાં ભાગલા પાડવાની કોશિશ કરી હતી.આતંકની ફેણ કચડી નાખશુંઃ જો આતંકીઓ આતંકની ફેણ ઉંચકશે તો તેને કચડી નાખશું.

વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે ઓપરેશન સિંદુર ભારતના ઈતિહાસનું સૌથી મોટુ સફળ ઓપરેશન છે, જયાં પાકિસ્તાનની સેનાએ વિચાર્યુ પણ નહીં હોય કે આતંકી ઠેકાણાને આપણી સેના માટીમાં મેળવી દેશે.

નારીશક્તિને લઈને મોદી બોલ્યાઃ મોદીએ જણાવ્યું હતું કે અમારી સરકાર વુમન લીડ ડેવલપમેન્ટના વિઝાને વિકાસની ધુરી બનાવી રહ્યા છે. સરકારની દરેક મોટી યોજનાઓમાં નારી કેન્દ્રમાં છે. પાકિસ્તાન સામેના સંઘર્ષમાં પણ બીએસએફની દીકરીઓએ દેશને સાથ આપ્યા અને દુશ્મનોની ચોકીઓને નેસ્તનાબૂદ કરી નાખી હતી.

અહિલ્યાબાઈ કહેતી હતી-શાસનનો સાચો અર્થ જનતાની સેવાઃ વડાપ્રધાન મોદીએ લોકમાતા દેવી અહિલ્યાબાઈ મહિલા સશક્તિકરણ મહાસંમેલન કાર્યક્રમ દરમિયાન અહિલ્યાબાઈ હોલકરને શ્રદ્ધાંજલિ આપી હતી.

તેમણે અહિલ્યાબાઈને લઈને કહ્યું હતું કે અહિલ્યાબાઈ કહેતી હતી કે શાસનના સાચો અર્થ જનતાની સેવા થાય છે.

## કોરોના વકર્યોઃ નવા ૫૧૧ કેસ : ગુજરાતમાં ૧ સહિત ૭ ના મોત

# દેશમાં એકટીવ કેસોની સંખ્યા વધીને ૨૭૧૦ : સૌથી વધુ કેરળ, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાતમાં : મિઝોરમ જેવા નવા રાજયોમાં પણ પગપેસારો



નવી દિલ્હી તા.૦૧

ભારતમાં કોરોનાની નવી લહેર હોય તેમ નવા દર્દીઓની સંખ્યામાં સડસડાટ વૃદ્ધિ થવા લાગી છે સાથોસાથ મૃત્યુઆંક પણ ચિંતા ઉપજાવવા લાગ્યો છે. ભારતમાં આજે કોરોનાના નવા ૫૧૧ કેસ નોંધાવવા સાથે કુલ આંકડો ૨૭૧૦ નો થયો હતો. આજે વધુ સાત લોકોનાં મોત નીપજયા હતા.કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલય દ્વારા જારી આંકડાકીય રીપોર્ટ પ્રમાણે ભારતમાં કોરોનાના એકટીવ કેસની સંખ્યા ૨૭૧૦ પર પહોંચી છે. તેમાં સૌથી વધુ ૧૧૪૭ કેરળમાં છે. આ સિવાય મહારાષ્ટ્રમાં ૪૬૭ દિલ્હીમાં ૨૯૪ તથા ગુજરાતમાં ૨૬૫ છે.

ગુજરાતમાં ગઈકાલે એક જ દિવસમાં નવા ૬૮ કેસ નોંધાયા હતા. જયારે મહારાષ્ટ્રમાં નવા ૮૪ કેસ હતા.કેરળમાં એક જ દિવસમાં નવા ૨૨૭ કેસ નોંધાયા હતા. પશ્ચિમ બંગાળમાં ૫૯ નવા કેસ સાથે કુલ સંખ્યા ૧૧૬ પર પહોંચી હતી.

દિલ્હીમાં નવા ૫૬ કેસ સાથે આંકડો ૨૯૪ થયો હતો. રાજસ્થાનમાં કોરોનાના નવા ૫૪ કેસ નોંધાયા હતા. અને એક દર્દીનું મોત થયુ હતું. જોકે મૃતકને અન્ય બિમારી હોવાનો પણ દાવો કરવામાં આવ્યો હતો.

કર્ણાટકમાં પણ કોરોનાથી વધુ એક મોત થતાં મૃત્યુંઆંક ૩ નો થયો હતો. કોરોનાનો વધુ નવા રાજયોમાં પગપેસારો હોય તેમ મિઝોરમમાં બે કેસ નોંધાયા હતા. રાજયમાં સાત માસ બાદ કોરોનાના કેસ નોંધાયા હતા.

ચંદીગઢમાં કોરોનાથી મોતને ભેટેલા પ્રૌઢના પુત્ર પુત્રી પણ સંક્રમિત જણાયા છે. સુત્રોના કહેવા પ્રમાણે દેશમાં કોરોનાથી ગુજરાતમાં એક સીહત સાત લોકોના મોત નીપજયા હતા.

## સરકાર અંબાજી મંદિરનું સંકુલ ગબ્બર ટેકરી સુધી લંબાવશે

ગાંધીનગર,તા.૦૧

ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકાર રાજ્યના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતી વખતે સતત નવા પ્રોજેક્ટ્સની જાહેરાત કરી રહી છે. આ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં સ્થિત શ્રી અંબાજી માતા મંદિરના પરિસરને લઈને એક મોટી જાહેરાત કરવામાં આવી છે. ખરેખર, અંબાજી મંદિરનું સંકુલ ગબ્બર ટેકરી સુધી લંબાવવામાં આવશે. જીપીવાયવીબી (ગુજરાત પવિત્ર યાત્રા ધામ વિકાસ બોર્ડ) એ આ પ્રોજેક્ટ માટે ઓનલાઈન ટેન્ડર બહાર પાડ્યા છે. ટેન્ડર સૂચના મુજબ, આ પ્રોજેક્ટ ૫૦ વર્ષના મોટા માસ્ટર પ્લાનનો એક ભાગ છે.શ્રી અંબાજી માતા મંદિરના વિસ્તરણના આ પ્રોજેક્ટનું બજેટ ૮૦૪ કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટમાં મંદિર સંકુલનું વિસ્તરણ અને તેના પુનર્વિકાસ કાર્યનો સમાવેશ થાય છે. ટેન્ડર નોટિસમાં જણાવાયું છે કે આ પ્રોજેક્ટ એક વ્યાપક માસ્ટર પ્લાનનો ભાગ છે. તેનો ઉદ્દેશ્ય રાજ્યના પવિત્ર ધાર્મિક સ્થળોએ યાત્રાળુઓના અનુભવને સુધારવા અને માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવાનો છે.

## અરજીઓની ચકાસણી બાદ વિગતો બહાર આવતા લાભ અપાયો નહી

# મોટો ખુલાસો : મહારાષ્ટ્રમાં લાડલી બહેન યોજનામાં ૨૨૦૦થી વધુ લાભાર્થી સરકારી કર્મચારીઓ નીકળી




મુંબઈ,તા.૩૧

મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી અદિતિ તટકરેએ લાડલી બહેન યોજનાને લઈને મોટો ફોડ પાડ્યો છે. તેમણે જણાવ્યું કે, તપાસ દરમિયાન મુખ્યમંત્રી લાડલી બહેન યોજનાના ૨૨૦૦થી વધુ લાભાર્થીઓ સરકારી કર્મચારી હોવાનું સામે આવ્યું છે. મહારાષ્ટ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિએ શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ વાતનો ખુલાસો કર્યો છે.

તેમણે કહ્યું કે, લાભાર્થીઓની ચકાસણી એક નિયમિત પ્રક્રિયા હશે. આ સાથે જ મંત્રી અદિતિએ કહ્યું કે, 'લગભગ ૨ લાખ અરજીઓની તપાસ કર્યા બાદ ૨,૨૮૯ સરકારી કર્મચારીઓ મુખ્યમંત્રી લાડલી બહેન યોજનાના લાભાર્થી હોવાનું જાણવા મળ્યું. આ માહિતી સામે આવ્યા બાદ આવા લાભાર્થીઓને યોજનાનો લાભ આપવામાં નથી આવી રહ્યો.

અદિતિ તટકરેએ કહ્યું કે, સરકાર એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે, લાડલી બહેન યોજનાનો લાભ માત્ર લાયક લાભાર્થીઓને જ મળે અને તેના માટે અરજીઓની ચકાસણી ચાલુ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવેમ્બર ૨૦૨૪માં યોજાનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્યની મહાયુતિ સરકારે ગઈ વર્ષે ઓગસ્ટમાં મુખ્યમંત્રી 'માઝી લાડલી બહેન યોજના' શરૂ કરી હતી.

આ યોજના હેઠળ ૨૧ થી ૬૫ વર્ષની વય જૂથની પાત્ર મહિલાઓને માસિક ૧,૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે.

જોકે, સરકારી કર્મચારી આ યોજનાને પાત્ર નથી.

## દેહરાદૂનમાં ભાડાના મકાનમાં રાજસ્થાન દંપતીનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ

દહેરાદુન,તા.૩૧

નેહરુ કોલોની વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા રાજસ્થાનના એક દંપતીનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું. આમાંથી, એમ્બ્યુલન્સ આવે તે પહેલાં મહિલાનું ઘરે મૃત્યુ થયું અને પુરુષનું હોસ્પિટલમાં મૃત્યુ થયું. પ્રારંભિક તપાસમાં, પોલીસ તેને ઝેર પીને આત્મહત્યાનો કેસ કહી રહી છે. મૃત્યુના કારણની તપાસ કરવામાં આવી રહી છે. એસએસપી અજય સિંહે જણાવ્યું હતું કે અજબપુર કલાનના રહેવાસી જ્યોતિ શર્માએ પોલીસને જાણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ઉદયપુર રાજસ્થાનનો રહેવાસી રૂપેશ તેની પત્ની રેશ્મા સાથે રેલ્વે ટ્રેક પાસે આવેલા તેના ઘરમાં ભાડે રહેતો હતો. શુક્રવારે સવારે બંનેને અચાનક અસ્વસ્થતા અનુભવાવા લાગી. તેમણે એમ્બ્યુલન્સ બોલાવી, પરંતુ તે પહોંચે તે પહેલાં જ રેશ્માનું મૃત્યુ થયું.

## મુંબઈ એરપોર્ટ પર વિદેશી તસ્કરની ધરપકડ, પેટમાંથી ૮.૬ કરોડ રૂપિયાનું કોકેન કાઢવામાં આવ્યું

મુંબઈ,તા.૩૧

છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રોકાયેલા યુગાન્ડાના નાગરિકના પેટમાંથી ગોળીઓમાં ૮૮૬ ગ્રામ કોકેન જપ્ત કરવામાં આવ્યું છે. કસ્ટમ વિભાગના અધિકારીએ ગુરુવારે આ માહિતી આપી. અધિકારીએ જણાવ્યું હતું કે યુગાન્ડાનો નાગરિક ૨૪ અને ૨૫ ની રાત્રે મુંબઈ પહોંચ્યો હતો અને પૂછપરછ દરમિયાન અસ્વસ્થ દેખાતો હતો, ત્યારબાદ તેના પર શંકા વધી હતી. બાદમાં તબીબી તપાસમાં જાણવા મળ્યું કે તેણે પીળી ગોળીઓ ગળી હતી. અધિકારીના જણાવ્યા મુજબ, સર્જરી દ્વારા તેના પેટમાંથી ગોળીઓ કાઢવામાં આવી હતી, જેમાં ૮.૬૬ કરોડ રૂપિયાની કિંમતનું ૮૮૬ ગ્રામ કોકેન મળી આવ્યું હતું. અધિકારીએ કહ્યું કે આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે. પૂછપરછ દરમિયાન, મુસાફરના વર્તનમાં ગભરાટ અને બેચેની જોવા મળી. શંકાના આધારે, તેની સંપૂર્ણ તપાસ કરવામાં આવી અને તબીબી તપાસમાં બહાર આવ્યું કે તેણે ઘણી પીળી ગોળીઓ ગળી લીધી હતી. બાદમાં, ડોકટરોની દેખરેખ હેઠળ કરવામાં આવેલી પ્રક્રિયા દરમિયાન, ૨૮ મેના રોજ પંચનામા હેઠળ મુસાફરના શરીરમાંથી કુલ ૮૬૬ ગ્રામ સફેદ પાવડર જેવો પદાર્થ મળી આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય બજારમાં જપ્ત કરાયેલા ડ્રગ્સની અંદાજિત કિંમત ૮ કરોડ ૬૬ લાખ રૂપિયા હોવાનું કહેવાય છે. મુસાફરની એનડીપીએસ એક્ટ, ૧૯૮૫ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. કસ્ટમ વિભાગે જણાવ્યું હતું કે કેસની વિગતવાર તપાસ ચાલી રહી છે. આ કાર્યવાહી કસ્ટમ વિભાગની સતર્કતા અને પ્રોફાઈલિંગ તકનીકોની સફળતાને પ્રતિબિંબિત કરે છે, જે આંતરરાષ્ટ્રીય દાણચોરીના પ્રયાસોને સતત રોકી રહી છે. એક અઠવાડિયા પહેલા, કસ્ટમ અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર મોટી કાર્યવાહી કરી હતી

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

**વૃષભઃ** આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ પણ જોઈ શકો છો. પોતાને સંભાળીને કામ કરો તો સારું રહેશે, તો સફળતા કાયમી રહેશે.

**મિથુનઃ** તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તમને સફળતાનો સ્વાદ મળશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

**કર્કઃ** ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.

**સિંહઃ** તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. લાગે છે કે હવે ધીરે ધીરે તમારું નસીબ તમને ટેકો આપશે. આર્થિક મુશ્કેલીમાંથી તમને રાહત મળશે.

**કન્યાઃ** આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે. તમે તમારા જીવનધોરણમાં સુધારો કરવા માટે આજે શોપિંગ મૂડ બનાવી શકો છો.

**તુલાઃ** આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો.

**વૃશ્ચિકઃ** આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

**ધનઃ** આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો. આજે પણ તે ચિંતા તમને પરેશાન કરી શકે છે.

**મકરઃ** આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

**કુંભઃ** આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી ધંધો નિયમિત રહ્યો નથી.

**મીનઃ** આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે. રોકાયેલા નાણાં મુશ્કેલીથી પ્રાપ્ત થશે.



## ફિલ્મી ગપશપ

### '૨૧ વર્ષે લગ્ન કરવા મારી સૌથી મોટી ભૂલ':આમિર ખાને કહ્યું, 'માણસ ભૂલોમાંથી જ શીખે છે પણ જીવનનું મહત્વપૂર્ણ પગલું ઉતાવળે ન ભરો'

આમિર ખાન પોતાના કામની સાથે સાથે પોતાના અંગત જીવનને કારણે પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં તે તેની નવી ગર્લફ્રેન્ડ ગૌરીને કારણે પણ સમાચારમાં છે. હાલમાં જ આમિરે એક ઈન્ટરવ્યૂ આપ્યો છે, જેમાં તે પ્રેમ, પરિવાર, ફિલ્મો અને જીવનમાં લીધેલા નિર્ણયો વિશે વાત કરતો જોવા મળે છે. યુટ્યુબર રાજ શમાનીને આપેલા ઈન્ટરવ્યૂમાં એક્ટરે દરેક મુદ્દા પર ખૂલીને વાત કરી છે.

આ ઈન્ટરવ્યૂ દરમિયાન રાજ આમિરને પૂછે છે કે, તેના મતે પ્રોફેશનલ કે અંગત જીવનમાં તેની સૌથી મોટી ભૂલ કઈ છે? આ અંગે આમિર કહે છે, 'મેં મારા જીવનમાં ફક્ત એક જ નહીં પણ ઘણી ભૂલો કરી છે. હું આજે જે કંઈ છું તે ફક્ત મારી સફળતાને કારણે જ નહીં પણ તે ભૂલોને કારણે પણ છું. હું તમને એક સરળ વાત કહીશ. રીના અને મારા લગ્ન ખૂબ જ વહેલા થઈ ગયા. હું ૨૧ વર્ષનો હતો અને તે ૧૯ વર્ષની હતી. લગ્ન પહેલા અમે ફક્ત ચાર મહિનાથી એકબીજાને ઓળખતાં હતાં.'

તે ચાર મહિનામાં પણ અમે એકબીજા સાથે ખૂબ જ ઓછો સમય વિતાવ્યો. અમને એકબીજા માટે ખૂબ પ્રેમ હતો તેથી અમે લગ્ન કર્યા. આજે જ્યારે હું પાછળ ફરીને જોઉં છું, ત્યારે મને લાગે છે કે લગ્ન જેવું મહત્વપૂર્ણ પગલું ખૂબ જ સમજી-વિચારીને ભરવું જોઈએ. તે સમયે, યુવાનીના ઉત્સાહમાં, તમને ઘણી વસ્તુઓ સમજાતી નથી, પણ પછીથી તમને ખ્યાલ આવે છે. જોકે, રીના સાથે મારું જીવન ખૂબ જ સુંદર રહ્યું છે. તો તમારે આના પરથી એવું ન માની લેવું જોઈએ કે રીના ભૂલમાં હતી.

આમિર આગળ કહે છે- 'રીના એક અદ્ભુત વ્યક્તિ છે. અમે એકબીજા સાથે મોટા થયા છીએ. અમે એકબીજાનો ખૂબ આદર કરીએ છીએ. હૃદયમાં એકબીજા માટે ખૂબ પ્રેમ છે. મને લાગે છે કે કોઈએ આટલી નાની ઉંમરે, આટલી વહેલી ઉતાવળમાં આટલું મોટું પગલું ન ભરવું જોઈએ. તો આજે જ્યારે હું પાછળ ફરીને જોઉં છું, ત્યારે મને લાગે છે કે જો મેં તે નિર્ણય ન લીધો હોત, તો આજે હું તમારી સામે બેઠો ન હોત. હું તેના માટે તેને દોષ આપી શકતો નથી કારણ કે મને તે લગ્નમાંથી બે સૌથી સુંદર ભેટો મળી હતી - જુનૈદ અને ઈરા. મને રીના સાથે ૧૬ વર્ષ વિતાવવા મળ્યા. આ બધી બાબતો ભૂલો નથી પણ સારી બાબતો છે.

'એક રીતે, હું તેને ભૂલ કહીશ કે ચાર મહિનામાં અમે નક્કી કરી લીધું કે અમે લગ્ન કરી રહ્યા છીએ. આટલો મોટો નિર્ણય આટલી ઝડપથી લેવામાં આવ્યો. મારા જીવનમાં આવી ઘણી ઘટનાઓ બની છે. માણસ ભૂલો કરે છે અને તેમાંથી શીખે છે.'

નોંધનીય છે કે, આમિરે તેની પહેલી ફિલ્મ 'કયામત સે કયામત'ના શૂટિંગ દરમિયાન રીના દત્ત સાથે લગ્ન કર્યા હતા. વર્ષ ૨૦૦૦માં, બંનેએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લીધા. બંનેને બે બાળકો છે, જુનૈદ અને આઈરા. આમિરે ૨૦૦૫માં કિરણ રાવ સાથે લગ્ન કર્યાં હતાં અને ૨૦૨૧માં બંને અલગ થઈ ગયાં હતાં. બંનેને આઝાદ નામનો એક પુત્ર છે. હાલમાં, તે ગૌરી સ્પ્રેટ સાથે રિલેશનશિપમાં છે.

# ગુજરાતમાં ઇક્વિટી રોકાણકારોની સંખ્યા એક કરોડને પાર કરી ગઇ

અમદાવાદ,તા.૦૧

દેશમાં ઈક્વિટી રોકાણકારોની સંખ્યાએ ૨૦ કરોડનો આંકડો પાર કરવા દોટ લગાવી છે તો ગુજરાતમાં ગુજરાતીઓમાં સીધા ઈક્વિટી રોકાણ માટેની વધતી જતી ભૂખને કારણે રાજ્યમાં ઈક્વિટી રોકાણને લઈને નવો જ વિક્રમ સર્જાયો છે. રાજ્યમાં યુનિક રજિસ્ટર્ડ ઈક્વિટી રોકાણકારોની સંખ્યા આ મે મહિનામાં એક કરોડને વટાવી ગઈ છે, જે છેલ્લા દાયકામાં પાંચ ગણો વધારો દર્શાવે છે, એમ બજાર સૂત્રોએ જણાવ્યું હતું. દેશમાં ૩૧ માર્ચ ૨૦૨૫ના પૂરા થયેલા નાણાકીય વર્ષના અંતે ૧૯.૨ કરોડ ડીમેટ ખાતા હતા, તેમા ૪.૧૧ કરોડ ખાતા તો ગયા નાણાકીય વર્ષમાં જ ખૂલ્યા હતા.

નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા સંકલિત કરાયેલા સત્તાવાર રોકાણકારોના ડેટા દર્શાવે છે કે આ વર્ષે ૩૦ એપ્રિલ સુધીમાં ગુજરાતમાં રોકાણકારોની સંખ્યા ૯૯.૯ લાખ સુધી પહોંચી ગઈ છે. નાણાકીય વર્ષ ૨૦૧૫ માં, ગુજરાતમાં ફક્ત ૨૦ લાખ ઈક્વિટી રોકાણકારો હતા. નાણાકીય વર્ષ ૨૦૨૦ સુધીમાં, આ સંખ્યા ૯૦% વધીને ૩૮ લાખ થઈ ગઈ હતી અને મે ૨૦૨૫ સુધીમાં, તે ૧૬૩% વધીને ૧ કરોડ થઈ ગઈ હતી, જે શેરબજારમાં છૂટક ભાગીદારીમાં ઝડપી વધારો દર્શાવે છે.

એનએસઈના ડેટા અનુસાર, એપ્રિલના અંત સુધીમાં ગુજરાતમાં ૯૯.૯૦ લાખ યુનિક રોકાણકારો હતા. એક અગ્રણી સ્ટોક બ્રોકિંગ ફર્મના પશ્ચિમ ક્ષેત્રના વડા વિરલ મહેતાએ જણાવ્યું હતું કે, અમારો અંદાજ છે કે મે મહિનામાં આ આંકડો એક કરોડને વટાવી ગયો હતો. “રાજ્યમાં હંમેશા મજબૂત ઈક્વિટી સંસ્કૃતિ રહી છે, અને કોવિડ પછી, આપણે રિટેલ રોકાણકારો – ખાસ કરીને યુવા વ્યાવસાયિકો – મોટી સંખ્યામાં બજારમાં પ્રવેશતા જોયા છે.” આમ સાત કરોડ ગુજરાતીમાં દર સાતે એક ગુજરાતી ઈક્વિટી રોકાણકાર છે.

બજાર નિરીક્ષકો કહે છે કે આઈપીઓમાં વધારો, ડિજિટલ ઓનબોર્ડિંગમાં સરળતા અને સંપત્તિ નિર્માણ વિશે વધતી જાગૃતિ – આ બધાએ આ વધારામાં ફાળો આપ્યો. દ્રજીઈ ના ડેટા અનુસાર, ગુજરાતમાં ફક્ત એપ્રિલ મહિનામાં જ ૪૯,૦૦૦ નવા રોકાણકારો ઉમેરાયા છે. ૨૦૨૫ ની શરૂઆતમાં બજારમાં મંદી હોવાને કારણે રોકાણકારોનો પ્રવાહ ધીમો પડ્યો હતો, પરંતુ મે મહિનામાં સારા ઈન્ડેક્સ પ્રદર્શનને કારણે રાજ્યને ૧ કરોડ રૂપિયાનો આંકડો પાર કરવામાં મદદ મળી.

શહેર સ્થિત એક બ્રોકરેજના ડિરેક્ટર ગુંજન ચોક્સીએ જણાવ્યું હતું કે તાજેતરના બજારમાં તેજીથી રોકાણકારોનો ઉત્સાહ કંઈક અંશે ફરી જીવંત થયો છે. “અમે પહેલી વાર રોકાણ કરનારાઓ તરફથી પણ નવો રસ જોઈ રહ્યા છીએ.”

આ સીમાચિહ્ન સાથે, ગુજરાત હવે ભારતમાં યુનિક ઈક્વિટી રોકાણકારોની દ્રષ્ટિએ ત્રીજા ક્રમે છે – મહારાષ્ટ્ર (૧.૮૪ કરોડ) અને ઉત્તર પ્રદેશ (૧.૨૯ કરોડ) પછી. રાષ્ટ્રીય સ્તરે, યુનિક ઈક્વિટી રોકાણકારોની કુલ સંખ્યા ૧૧ કરોડને વટાવી ગઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૦ના અંતે લગભગ ત્રણ કરોડ હતી.

# છત્તીસગઢમાં લગભગ ૩૦૦ પોલીસ કર્મીઓને અકાળે પ્રમોશન મળ્યું



રાયપુર,તા.૦૧

છત્તીસગઢની ભાજપ સરકારે નક્સલવાદીઓ સામેની લડાઈમાં બહાદુરી દર્શાવવા બદલ નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં, ખાસ કરીને બસ્તર વિભાગમાં તૈનાત ૨૯૫ નીચલા અને મધ્યમ સ્તરના પોલીસકર્મીઓને અકાળે પ્રમોશન આપ્યું છે.ડીજીપી અરુણ દેવ ગૌતમે આ સંદર્ભમાં એક આદેશ જારી કર્યો છે.

ગૃહ વિભાગના પ્રભારી નાયબ મુખ્યમંત્રી વિજય શર્માએ સોશિયલ મીડિયા પર પ્રમોશન ઓર્ડરની તસવીર શેર કરી અને લખ્યું, ×નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં બહાદુરી, હિંમત અને સમર્પણ સાથે કામ કરી રહેલા છત્તીસગઢ પોલીસના ૨૯૫ જવાનોને આઉટ ઓફ ટર્ન પ્રમોશન મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. બંધારણ અને લોકશાહીનું રક્ષણ કરવા માટે, તમે બધા (સુરક્ષા કર્મચારીઓ) એ નક્સલવાદ સામે મોરચા પર લડતા અદમ્ય હિંમત અને બહાદુરી દર્શાવી છે. જવાનોના શસ્ત્રોના બળથી, બસ્તરમાં ભવિષ્ય ચોક્કસપણે વિકાસ, સુખ, શાંતિ અને નવા ઉત્સાહથી ભરેલું રહેશે.

એક અધિકારીએ જણાવ્યું કે બઢતી પામેલા જવાનોમાંથી, દુર્ગ ડિવિઝનના મોહલા-માનપુર-અંબાગઢ ચોકી જિલ્લામાં ફક્ત એક જ જવાન તૈનાત છે, જ્યારે બાકીના સાત જિલ્લાઓ ધરાવતા બસ્તર ડિવિઝનમાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને ઈન્ટેલિજન્સ બ્રાન્ચ સહિત વિવિધ પોલીસ એકમોમાં કાર્યરત છે. આદેશ અનુસાર, ૨૦૬ કોન્સ્ટેબલોને હેડ કોન્સ્ટેબલ તરીકે, ૩૭ હેડ કોન્સ્ટેબલને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપવામાં આવી છે.૧૫ એએસઆઈને સબ ઈન્સ્પેક્ટર, ૧૬ એસઆઈ ને ઈન્સ્પેક્ટર, ત્રણ પ્લાટૂન કમાન્ડરને કંપની કમાન્ડર, છ સહાયક પ્લાટૂન કમાન્ડરને પ્લાટૂન કમાન્ડર અને ૧૨ કર્મચારીઓને સહાયક પ્લાટૂન કમાન્ડર પદે બઢતી આપવામાં આવી છે. બસ્તર ડિવિઝનમાં સાત જિલ્લાઓ દંતેવાડા, બીજાપુર, બસ્તર, નારાયણપુર, કોંડાગાંવ, સુકમા અને કાંકેરનો સમાવેશ થાય છે.

એક પ્રશ્નના જવાબમાં વિજય શર્માએ જણાવ્યું હતું કે ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને શોધી કાઢવા અને તેમની સામે કાર્યવાહી કરવા માટે રાજ્યના દરેક જિલ્લામાં એસટીએફની રચના કરવામાં આવી છે. ગૃહમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા ઘણા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જેમાં બાંગ્લાદેશી નાગરિકો નકલી ઓળખ સાથે છત્તીસગઢમાં ગેરકાયદેસર રીતે રહી રહ્યા છે. તેમણે કહ્યું, ×હું રાજ્યના લોકોને અપીલ કરું છું કે કોઈની અંગત માહિતી ચકાસ્યા વિના કોઈને પણ પોતાનું ઘર ભાડે ન આપે. લોકોએ તેમના ભાડૂઆતો વિશે માહિતી સ્થાનિક પોલીસને આપવી જોઈએ.×

# અબ્બાસ અંસારીને નફરતભર્યા ભાષણના કેસમાં ૨ વર્ષની સજા

લખનૌ,તા.૦૧

ગત વિધાનસભા ચૂંટણી દરમિયાન નફરતભર્યા ભાષણ અને ચૂંટણી આચારસંહિતાનું ઉલ્લંઘન કરવાના કેસમાં શનિવારે નિર્ણય લેવામાં આવ્યો હતો. કેસના પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ **CJM** ડૉ. કેપી સિંહે ચુકાદા માટે ૩૧ મેની તારીખ નક્કી કરી હતી. સુનાવણી બાદ કોર્ટે અબ્બાસ અંસારીને આચારસંહિતા ભંગ બદલ દોષિત ઠેરવ્યા હતા અને તેમને બે વર્ષની જેલની સજા ફટકારી હતી. આ સાથે ત્રણ હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

માહિતી અનુસાર, આ કેસ શહેર કોતવાલી વિસ્તારનો છે. કેસમાં ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર, **SI** ગંગારામ બિંદની ફરિયાદ પર શહેર કોતવાલીમાં **FIR** નોંધવામાં આવી હતી. આમાં સદર ધારાસભ્ય અબ્બાસ અંસારી અને અન્યોને આરોપી બનાવવામાં આવ્યા હતા.

આરોપ લગાવવામાં આવ્યો હતો કે ૩ માર્ચ, ૨૦૨૨ ના રોજ વિધાનસભા ચૂંટણી દરમિયાન, સદર વિધાનસભા બેઠક પરથી સુભાસ્પાના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા અબ્બાસ અંસારીએ દ્વેષપૂર્ણ ભાષણ આપ્યું હતું.

શહેરના પહાડપુર મેદાનમાં જાહેર સભા દરમિયાન એવું કહેવામાં આવ્યું હતું કે મઉ પ્રશાસનને સ્ટેજ પરથી ધમકી આપવામાં આવી હતી કે ચૂંટણી પછી હિસાબ ચૂકવી દો અને ત્યારબાદ તેમને પાઠ ભણાવો.અબ્બાસના સહયોગી મન્સૂર અન્સારીને પણ આ કેસમાં સજા ફટકારવામાં આવી છે. કલમ ૧૨૦બી આઈપીસી હેઠળ તેમને છ મહિનાની કેદ અને ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

# પાકિસ્તાન દ્વારા દર વખતે આપણી સાથે દગો કરવામાં આવ્યો છે, સીડીએસ અનિલ ચૌહાણ



સિંગાપોરમાં શાંગરી-લા ડાયલોગમાં, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કહ્યું, “હવે, ભારત-પાકિસ્તાન સંબંધો પર, આપણે રણનીતિ વિના કામ કરી રહ્યા નથી. જ્યારે આપણે આઝાદી મેળવી, ત્યારે પાકિસ્તાન દરેક માપદંડ, સામાજિક, આર્થિક, **GDP** પ્રતિ... પર આપણાથી આગળ હતું.સીડીએસએ કહ્યું કે સ્વતંત્રતા સમયે, પાકિસ્તાન ઘણા પરિમાણો પર આગળ હતું, પરંતુ આજે ભારત

સિંગાપોર,તા.૦૧

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ અનિલ ચૌહાણે આંતરરાષ્ટ્રીય મંચ પર આતંકવાદના મુદ્દા પર પાકિસ્તાનને અરીસો બતાવ્યો. સિંગાપોરમાં ૨૨મા શાંગરી-લા ડાયલોગમાં, સીડીએસ જનરલ અનિલ ચૌહાણે કહ્યું કે પાકિસ્તાન દ્વારા દર વખતે ભારતને દગો આપવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે ભારત બદલાયું નથી, પરંતુ વ્યૂહરચના પણ બદલાઈ ગઈ છે. ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનમાં પોષાયેલા આતંકવાદીઓને ખતમ કર્યા પછી, ભારત હવે રાજદ્વારી મોરચે પાકિસ્તાનને ખુલ્લું પાડી રહ્યું છે.

**GDP**, સામાજિક સંવાદિતા અને વિકાસમાં આગળ છે. આ પ્રગતિ લાંબા ગાળાની વ્યૂહરચના દર્શાવે છે. ભારતે પાકિસ્તાન સાથે ગાઢ સંબંધ રાખવા માટે ખૂબ જ પ્રયાસ કર્યો છે.

**CDS** જનરલ અનિલ ચૌહાણે કહ્યું, ‘હવે, ભારત-પાકિસ્તાન સંબંધો પર, આપણે રણનીતિ વિના કામ કરી રહ્યા નથી. જ્યારે આપણે આઝાદી મેળવી, ત્યારે પાકિસ્તાન દરેક સ્તરે, સામાજિક, આર્થિક, માથાદીઠ **GDP** પર આપણાથી આગળ હતું. આજે, ભારત આપણી વધુ વિવિધતા હોવા છતાં, આર્થિક પ્રદર્શન, માનવ વિકાસ અને સામાજિક સંવાદિતા, બધા મોરચે આગળ છે. આ આકસ્મિક રીતે બન્યું નથી, તે એકનું પરિણામ છે... લાંબા ગાળાની વ્યૂહરચના. રાજદ્વારી રીતે આપણે પાકિસ્તાનનો સંપર્ક કર્યો છે જેમ આપણે ૨૦૧૪ માં કર્યો હતો, જ્યારે પીએમએ નવાઝ શરીફને આમંત્રણ આપ્યું હતું. પરંતુ તાળી વગાડવા માટે બે હાથ લાગે છે, જો બદલામાં આપણને ફક્ત દુશ્મનાવટ મળે, તો અલગતા હાલમાં એક સારી વ્યૂહરચના હોઈ શકે છે.શાંગરી-લા સંવાદને સંરક્ષણ વડાઓ માટે વિશ્વના સૌથી મોટા મંચોમાંનું એક માનવામાં આવે છે. શાંગરી-લા સંવાદમાં, ૪૦ થી વધુ દેશોના લશ્કરી અધિકારીઓ ભારતીય અને પ્રશાંત ક્ષેત્રોના પડકારો પર ચર્ચા કરી રહ્યા છે. ભારતે આ મંચ પર પાકિસ્તાનને અરીસો બતાવ્યો છે.

# કંઈક કહીએ અને લાગી આવે એને "બાળપણ કહેવાય, અને " ઘણું બધુ લાગી આવે છતાં કંઈ પણ કહી ન શકે "તેને " ઘડપણ "કહેવાય..!!



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



પહેલગામ પર્યટકો પર થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ સર્જાઈ છે જે પછી ઑપરેશન સિંદૂર સફળ થયું કે નિષ્ફળ ગયું તે ચર્ચા કરતા તમે બધા એ જે જોયું..સાંભળ્યું તે તમારી સમજભક્તી પર આધાર છે.પણ ૩૧ મે-૨૦૨૫ શનિવારે ચોવીસ દિવસ બાદ ગુજરાત સહિત દેશના પાંચ રાજયોમાં ઑપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાઈ તે કેમ અને શા માટે યોજાઈ તે કોઈને ખબર નથી ઓપરેશન ★સિંદૂર★ જ.. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં સોમવારે જોઈએ તો જો કોઈ વ્યક્તિને તેના ગંભીર ગુનામાં સુપ્રીમ કોર્ટે ફાંસીની સજા આપી દીધા પછી રાષ્ટ્રપતિને દયાની અરજી કરી શકાય છે.અને જો રાષ્ટ્રપતિને યોગ્ય લાગે તો કૃપા કરી એને માફી બક્ષી જીવતદાન પણ આપી શકે છે. પ્રભુ પણ કંઈ કઠોર દંડનાયક નથી.એ પ્રેમાળ પિત ૧ પિતા છે. વત્સલમાતા છે. સહૃદય ભ્રાતા છે. સ્નેહમય સખા પણ છે. એમના કર્મના કાયદાની ઉપર છે, એમનો કૃપાનો કાયદો,કે જે કાયદા ને કોઈ જ નીતિનિયમ લાગુ પડતા નથી.જે કાયદાને કોઈપણ ભેદ ભાવ નથી. જેઓ એ કાયદાના લાભને પાત્ર બને તેઓ કર્મના કાયદામાંથી મુક્તિ પણ મેળવી શકે અથવા તેની સજા હળવી પણ થઈ શકે.એવી જ રીતે પ્રભુને પણ દયાની અરજી કરવી પડે છે.અને તે તીવ્ર ભાવે કરવી પડે છે.ભૂતકાળની કરેલી ભૂલોના એક રાર અને તીવ્ર પશ્ચાતાપના આંસુ ઓથી અને નવા સુંદર જીવનની બાંહેધારી આપીએ અરજી કરવી પડે છે. સાચા દિલથી પ્રભુને આજીજી કરવી પડે છે. જ્યાં સુધી તેઓ સાંભળે નહીં ત્યાં સુધી સતત નિવેદન કરવું પડે છે.તે દ્વારા ભગવાનની કૃપાનું અવતરણ થાય છે અને એ કૃપા દ્વારા ગમે તેવું કુમાર્ગે ગયેલું જીવન પ્રભુના માર્ગે વળી શકે છે. ભગવાનની કૃપાનો કાયદો પાપીને સંત બનાવી શકે છે ડાકુ અને લુંટારાને મહાત્માબનાવી શકે છે.આથી કુમાર્ગે ગયેલુંજીવન સદાકાળ કુમાર્ગે જ ચાલતું રહેશે, એવું નથી. જે ક્ષણે મનુષ્યને એવા હીન જીવન પ્રત્યે તિરસ્કાર જાગે અને તે એવા જીવનમાંથી મુક્ત થવા આતુર પણે પ્રભુને પોકાર કરે, એ જ ક્ષણે પ્રભુ એના માટે નવ જીવન નાં દ્વાર ખોલી આપે છે. પછી તીવ્રતમ આંતરિક ઈચ્છાથી જેમ જેમ તેનો પોકાર ઉત્કટ બને છે તેમ તેમ કૃપા ધારા વધુ ને વધુ વહે છે,અને એ વહેંતી કૃપાધારા માં તેના ભૂતકાળ ના કુકર્મોનાં ફળ ધોવાતાં જાય છે. તેની આંતરિક શુદ્ધિ થવા લાગે છે. તેથી તેની વિવેકબુદ્ધિ જાગૃત થાય છે. સત્ય જીવનની ઝંખના વધુ ને વધુ તીવ્ર બનવા લાગે છે.તેમ તેમ તે પ્રભુના માર્ગ વધુ ને વધુ આગળ વધે છે. પણ તેના પાયામાં રહેલી છે, આંતરિક ઈચ્છા.

જો વ્યક્તિની પોતાની આંતરિક ઈચ્છા ન હોય અને તે પ્રભુને ઉત્કટપણે પોકારે નહીં તો પ્રભુ એમને એમ બોલાવ્યા વગર આવતા નથી. બહારનું વાતાવરણ ગમે તેટલું ભક્તિપ્રેરક હોય, સંતો અને મહાત્માઓ માર્ગદર્શન આપવા પણ તૈયાર હોય, પણ જો વ્યક્તિની પોતાની સાચી આંતરિક હોય, અને તે ખાલી દેખાવ પૂરતી ભગવાનની પૂજા- આરાધના કરતો હોય, તો કંઈ ભગવાનનો રસ્તો ખૂલતો નથી. ભગવાનને મળવા માટે ફક્ત ઈચ્છા જ નહીં પણ તીવ્રતમ વ્યાકુળતા હોવી જરૂરી છે. એવી વ્યાકુળતા કે એના વગર રહી જ ન શકાય. શ્રીરામકૃષ્ણદેવ આ માટેનું ઉદાહરણ આપતા કહે છે કે બાળક રડે છે, ત્યારે મા એને રમકડાં આપે છે. તે તેનાથી રમવા લાગે છે.ફરી રડે છે તો મા તેને મિઠાઈને ચોકલેટ આપે છે.તેનાથી તે છાનુ રહી જાય છે. એટલે મા

તેને એકલું રમવા દઈને કામે વળગી જાય છે.પણ પછી બાળક એવું રડે છેકે તે રમકડાં કે ચોકલેટ કશાયથી છાનુ રહેતું નથી બસ તેને તો મા જ જોઈએ છે. જ્યાં સુધી મા તેને તેડતી નથી ત્યાં ત્યાં સુધી તે રયા જ કરે છે. ત્યારે મા તેને તેડીને વહાલ કરવા લાગે છે. ભગવાન પણ મનુષ્યની જ્યાં સુધી એના માટેની આવી વ્યાકુળતા થતી નથી, ત્યાં સુધી રમકડાં - ચોકલેટ પીપરમીટ વગેરે આપીને મનુષ્યને ભૂલાવામાં નાંખી દે છે, તેઓ પોતે આવતા નથી.પણ જ્યારે મનુષ્ય આ બધાં રમકડાં-સિદ્ધિઓ-વૈભવ બધું ફેંકીને બસ ભગવાનને માટે તીવ્ર પણે રૂદન કરવા લાગે છે, ત્યારે તેઓ આવે છે. પણ પછી જ્યાં સુધી ભગવાન ન મળે ત્યાં સુધી આ પોકાર, આ વ્યાકુળતા સતત રહેવી જોઈએ.શ્રી અરવિન્દ આવી ઉત્કટ ઈચ્છાને અભીપ્સા કહે છે.તેમના‘મા‘ પુસ્તકમાં તેઓ કહે છેકે ભગવાન ના સાક્ષાત્કાર માટે બે વસ્તુ જરૂરી છે:એક તો માનવના અંતરમાંથી ઊઠતી અભીપ્સા અને બીજી છે, અભીપ્સના પ્રત્યુત્તરમાં ઊતરી આવતી ભગવાનની કરુણા આ બેનો સંયોગ સાક્ષાત્કારના માર્ગને એકદમ સરળ બનાવી દે છે. પરંતુ આ અભીપ્સા સતત,એકધારી, સ્થિર અને પ્રભુ પ્રત્યે ઊંચેને ઊંચે જતી હોવી જોઈએ.જયાં સુધી આ અભિપ્સાનો પ્રત્યુત્તર કૃપારૂપે ન મળે,ત્યાં સુધી પોકાર કરતા રહેવાથી,પ્રભુની કૃપા અવશ્યમળે છે. એ કૃપાથી પ્રભુનો માર્ગ ખુલ્લો જ નહીં.પણ સ્પષ્ટ બને છે.એક વાર્તા જોઈએ.એક શેઠે મોટો ભોજન સમારંભ યોજ્યો હતો અને ઘણાં આમંત્રણ આપ્યાં હતાં ભોજનના સમયે તેણે પોતાના નોકર મારફતે કહેવરાવ્યું કે ‘પધારો ભોજન તૈયાર છે.પણ એક પછી એક બધા જ બહાનાં કાઢવા લાગ્યા.પહેલાએ કહ્યું,‘મેં એક ફ્લેટ ખરીધ્યો છે અને મારે તે જોવા જવું પડે તેમ છે,એટલે મને માફ કરજો.બીજાએ કહ્યું,‘મેં એક ગાડી ખરીદી છે તેની કંડીશન જોવા જાઉં છું, એટલે એટલે મને માફ કરજો.વળી,બીજા એકે કહ્યું ‘હમણાં જ મારાં લગ્ન થયાં છે એટલે આવી શકું તેમ નથી.

નોકરે પાછા આવી બધી વાત શેઠને કહી. ત્યારે તેમને ગુસ્સો ચડયો અને તેણે નોકરને કહ્યું, ‘એક દમ શહેરના રાજમાર્ગોમાં અને ગલી ઓમાં જઈને ગરીબોને લૂલાં લંગડાંઓને અને આંધળા ઓને અહીં લઈ આવ.નોકરે કહ્યું, સાહેબ,તમારી આજ્ઞા પ્રમાણે કર્યું છે, છતાં હજી જગ્યા ખાલી રહે છે.ત્યારે શેઠે નોકરને કહ્યું, રસ્તા ઓ અને નેળિયામાં જઈને લોકોને ખેંચી લાવ કે જેથી મારું ઘર ભરાઈ જાય.હું તમને કહું છુંકે, મેં જે મને આમંત્રણ આપેલાં છે તેમાંનો એક પણ મારું ભોજન ચાખવા પામવાનો નથી‘‘ આમાં માલિક પોતાના નોકરોને જે હુકમ આપે છે તે આપણને વિચિત્રને માન્યામાં ન આવે તેવો લાગે છે. માલિક પોતાના નોકરોને શેરીઓ માં ભટકતાં નાગાંપૂગાંને ગરીબ-ગરબાંને મિજબાનીમાં તેડી લાવવા જણાવે છે.ઈશ્વર આપણી સાથે આવો જ વ્યવહાર કરે છે. એ તમારા ધ્યાનમાં આવ્યું કે ? હું તો ઈશ્વરના ઉંબરે પગ મૂકવા પણ લાયક નથી.પણ ઈશ્વરની રહેમનો પાર નથી.એ મને કાદવમાં આળોટતા મેલાઘેલા મને પોતાની મિજબાનીમાં તેડી જાય છેને મારી સર ભરા કરે છે. મેં તો પાપો કરીને ઈશ્વર જોડે દુશ્મનાવટ બાંધી હતી હું તો લૂલાં લંગડાંને આંધળા કરતાં ય લાચાર બની ગયો હતો.મારાં પાપે મને શબવત્ બનાવી દીધો હતો. ઈશ્વરના પ્રેમ પૂરતો તો હું મર્યો- પરવાર્યો હતો. આવા શબ સમાન બનેલા માણસને માટે કશી આશા ક્યાંથી? ઈશ્વર જ એને બેઠો કરે તો એ બેઠો થાય ઈશ્વરની દયા હોય તો જ એ નવેસરથી જિંદગી જીવતો થાય. ધર્મશાસ્ત્ર આ જ વાત આપણને કહે છે:

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત.આજે સોમવાર છે સદા શિવ ભગવાન ભોળાનાથને પ્રાર્થના કરીએ બફારા ગરમીથી રાહત મળે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### રાજ્યના વિવિધ ભાગોમાં વાવાઝોડા અને વીજળી સાથે વરસાદની શક્યતા દર્શાવતા ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે

# રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં વાવાઝોડાં અને વીજળી પડવાની સંભાવના:હવામાન વિભાગ: ઓરેન્જ એલર્ટ જારી

અમદાવાદ,તા.૦૧

ગુજરાતના વિવિધ ભાગોમાં હવામાન બદલાવાનું શરૂ થયું છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાક દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં વાવાઝોડા અને વીજળી સાથે વરસાદની શક્યતા દર્શાવતા ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદ પડશે. હવામાન વિભાગે ૩૧ મેના રોજ વાવાઝોડા અને વીજળીના ચમકારાની સંભાવના વ્યક્ત કરી છે.જયારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, રાજપુર, સુરેન્દ્રનગર, વડોદરામાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

જામનગર, પોરબંદર, જૂનાગઢ, મોરબી, દ્વારકા, બોટાદ અને કચ્છ જિલ્લાઓ. ૧ જુન, ૨૦૨૫ ના રોજ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર સહિતના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

દેશમાં દક્ષિણપશ્ચિમ ચોમાસુ સમય પહેલા જ આવી ગયું છે. ચોમાસુ હવે કર્ણાટક અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં પહોંચી ગયું છે. પરેશ ગોસ્વામીના જણાવ્યા મુજબ, થોડા દિવસો પહેલા અરબી સમુદ્રમાં એક સિસ્ટમ સક્રિય થઈ હતી. હાલમાં અરબી સમુદ્રમાં કોઈ નવી સિસ્ટમ બની રહી નથી. તેથી, આગામી એક-બે દિવસમાં વર્તમાન સિસ્ટમ નિષ્ક્રિય થતાંની સાથે જ ચોમાસુ પણ નિષ્ક્રિય થઈ જશે. પરિણામે, ગુજરાતમાં ચોમાસાનું આગમન પણ મોડું થશે. ગુજરાતના વિવિધ ભાગોમાં હાલમાં થઈ રહેલો વરસાદ પૂર્વ-ચોમાસાની પ્રવૃત્તિનો એક ભાગ છે. આ પૂર્વ-ચોમાસાના વરસાદથી ખાસ કરીને ખેડૂતોને ભારે નુકસાન થયું છે. આગામી દિવસોમાં, વાતાવરણ ધીમે ધીમે સ્વચ્છ થશે અને સૂર્ય ઉગતાની સાથે તાપમાન વધશે. તેથી આપણે હજુ પણ દક્ષિણપશ્ચિમ ચોમાસા માટે લાંબો સમય રાહ જોવી પડશે.

ગુજરાતના દાહોદ, મહિસાગર, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

આ સાથે જ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદરમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે ૩૦ મેના રોજ નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા અને નગર હવેલી, અમરેલી અને ભાવનગર જિલ્લાના વિવિધ ભાગોમાં વીજળીના કડાકા અને ભારે પવન સાથે ભારે વરસાદ પડવાની આગાહી સાથે યલો એલર્ટ જારી કર્યું છે.

આ ઉપરાંત,આઈએમડીએ દક્ષિણ ગુજરાત ક્ષેત્રના નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. આ સાથે IMDએ જણાવ્યું છે કે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કે એમ પટેલ વિદ્યામંદિર ઇડરના આચાર્ય કિરણભાઈ જે પટેલ વય નિવૃત્તિ સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) ઈડર તા.૧

ઈડર શહેર માં આવેલ કે એમ પટેલ હાઈસ્કુલ માં આચાર્ય તરીકે ફરજ બજાવતા કિરણભાઈ પટેલ ની સરકારના નિયમ મુજબ ૩૧ મે ૨૦૨૫ ના રોજ વયનિવૃત થયા છે જેમનો નિવૃત્તિ સન્માન સમારોહ કેળવણી મંડળ દ્વારા ૩૧ મે ના રોજ શાળા કક્ષાએ યોજાયો હતો જેમાં મંડળના પ્રમુખ શેઠ ગિરધરલાલ ડી પટેલ , ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લાના પ્રમુખ અને કેળવણી મંડળના કારોબારી સભ્ય કનુભાઈ જી પટેલ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ અને કારોબારી સભ્ય ભાનુપ્રસાદ પટેલ, મંત્રી અનિલભાઈ પટેલ , એજ્યુકેશન કાઉન્સિલના મંત્રી પ્રકાશભાઈ પટેલ ,વસંતભાઈ પટેલ દિનેશભાઈ પટેલ તથા સાબરકાંઠા જિલ્લા આચાર્ય સંઘના પ્રતિનિધિ અને ઈડર તાલુકાના આચાયશ્રીઓ હાજર રહ્યા હતા સર્વે કિરણભાઈ પટેલ ને વય નિવૃત્તિની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અર્પી હતી. કિરણભાઈ પટેલ ને પોતાના અથાર્ક પ્રયત્નો દ્વારા સંસ્થાને ઉચ્ચ શિખરો પર પહોંચાડી છે તે બદલ સર્વે દ્વારા કિરણભાઈ નો ધન્યવાદ કર્યો હતો તો કિરણભાઈ પણ આ સંસ્થાને આજ દિન સુધી જે જહેમત ઉઠાવી આટલી ઊંચાઈ પર પહોંચાડ્યું તેમાં કેળવણી મંડળનો જે સાથ અને સહકાર મળ્યો તે બદલ મંડળ નો ખુબ ખુબ આભાર માન્યો હતો વળી કેળવણી મંડળે તરતજ જ સંસ્થાના ઈન્ચાર્જ આચાર્ય તરીકે શાળાના સુપરવાઈઝર પી કે પટેલ ની નિમણૂક કરી છે અને નવા સુપરવાઈઝર તરીકે એ જી મોમીન ની વર્ણી કરી છે ૧ જૂન ૨૦૨૫ થી કિરણભાઈ જે પટેલ ને શ્રી કે એમ પટેલ વિદ્યામંદિર ઈડરના કેમ્પસ ડાયરેક્ટરની પોસ્ટ આપી નવી નિમણૂક આપી છે જેને ઉપસ્થિત સૌ કોઈએ હર્ષા ઉલ્લાસ સાથે વધાવી લીધા હતા.

### IPL સેમીફાઇનલ પહેલાં પ્રીતિ ઝિન્ટા અંબાજી દર્શને

## પંજાબ કિંગ્સની માલિકે મંદિર અને ગબ્બરમાં કરી પૂજા-અર્ચના,માતાજીના આશીર્વાદ લીધા

(ગરવી તાકાત) અંબાજી તા.૧

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આવતીકાલે રમાનારી પંજાબ કિંગ્સ અને મુંબઈ વચ્ચેની સેમીફાઈનલ મેચ પહેલાં પંજાબ કિંગ્સની માલિક પ્રીતિ ઝિન્ટાએ અંબાજી માતાના આશીર્વાદ લીધા છે. પ્રીતિ સાંજે ૭ વાગ્યે અંબાજી પહોંચી હતી. મંદિર ટ્રસ્ટે તેમનું વિશેષ સ્વાગત કર્યું હતું.પ્રીતિએ અંબાજી મંદિરમાં માતાજીના દર્શન કર્યા હતા. વિશ્વના સૌથી મોટા શ્રી યંત્ર સમક્ષ પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ તેઓ માતાજીના મૂળસ્થાનક ગબ્બર પર રાત્રે ચાલતા પહોંચ્યા હતા. ગબ્બર પર અખંડ જ્યોતના દર્શન કર્યા હતા. GISFS સિક્યુરિટી ગાર્ડે તેમને કુમકુમ તિલક કર્યું હતું અને માતાજીની પાવડીથી આશીર્વાદ આપ્યા હતા.



ગબ્બર સુધી પહોંચવા માટે ૯૯૯ પગથિયાં ચઢવાના અને ૭૬૫ પગથિયાં ઉતરવાના હોય છે. પ્રીતિએ અખંડ જ્યોત સાથે સેલ્ફી પણ લીધી હતી. અગાઉ મુંબઈ ઈન્ડિયન્સના માલિક નીતા અંબાણી પણ અંબાજી દર્શને આવી ચૂક્યા છે. ભૂતકાળમાં પ્રીતિ અર્જુન રામપાલ સાથે માઉન્ટ આબુમાં શૂટિંગ દરમિયાન પણ ગબ્બર ખાતે દર્શન કરવા આવી હતી.

### હિંમતનગર-ઉદેપુર રેલવે લાઈન પર ઝાડ પડ્યું

## ઇલેક્ટ્રિક લાઈનના વાયરોને નુકસાન, અસારવા-ચિતોડગઢ મેમુ રદ; ડીઝલ એન્જિનથી અન્ય ટ્રેનો દોડી

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧

હિંમતનગર-ઉદેપુર રેલવે લાઈન પર રવિવારે સવારે ૧૦ વાગ્યા આસપાસ ડુંગરપુર અને રીખબદેવ વચ્ચે ઊઁઈ લાઈન પર ઝાડ પડવાની ઘટના બની. આ કારણે ઈલેક્ટ્રિક લાઈનના વાયરોને નુકસાન થયું અને ટ્રેક બંધ થયો. જ્યારે બાકીની ડીઝલ ટ્રેન ચલાવવામાં આવી છે.

અસારવા-ચિતોડગઢ મેમુ ટ્રેન હિંમતનગર સુધી પહોંચ્યા બાદ રદ કરવામાં આવી છે. અસારવા અને નરોડા રેલવે સ્ટેશનથી મુસાફરી કરનારા ૩૯ મુસાફરોને ટિકિટનું રિફંડ આપવામાં આવ્યું.રેલવે વિભાગે તાત્કાલિક પગલાં લેતા ઝાડ દૂર કર્યા બાદ OHE લાઈનની મરામત કામગીરી શરૂ કરી છે. દરમિયાન, આગ્રા કેન્ટ-અસારવા અને અસારવા-



ઈન્દોર રૂટની ટ્રેનો ડીઝલ એન્જિનથી ચલાવવામાં આવી. હિંમતનગર રેલવે સ્ટેશન પર રોકાયેલી અસારવા-ચિતોડગઢ મેમુ ટ્રેન સાંજે ૪:૫૦ વાગ્યે અસારવા તરફ પરત ફરવા નીકળશે.

### નેપાળમાં ભારે વરસાદને કારણે કિશન ગંજમાં નદીઓનું પાણીનું સ્તર વધ્યું

પૂર્ણિયા,તા.૩૧

નેપાળમાં ભારે વરસાદને કારણે, કિશનગંજ જિલ્લામાં કનકાયી, બુધી કનકાયી અને મેચી નદીઓનું પાણીનું સ્તર ઝડપથી વધ્યું છે. નદી કિનારાના ઘણા વિસ્તારોમાં પૂરનું પાણી ઘૂસી ગયું છે, જેના કારણે પાણી ભરાવાની સમસ્યા વધી ગઈ છે. કનકયી નદી પર બનેલા ઘણા ચર્ચરી પુલોને નુકસાન થયું છે. આનાથી સ્થાનિક લોકોની અવરજવર પર અસર પડી છે અને ઘણા ગામો અલગ થઈ ગયા છે.

દિઘાલબેંક, તેડાગચ્છ અને તેલીભીટ્ટા વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા છે. અહીંના ખેડૂતોના લાખો રૂપિયાના મકાઈ અને શાકભાજીના પાક સંપૂર્ણપણે નાશ પામ્યા છે. પૂરને કારણે ઘણા ખેતરો ડૂબી ગયા છે. તેડાગચ્છ બ્લોકના સુહિયા, કોઠીટોલા દેવરી, પુરાણા તેડાગચ્છ સહિત ઘણી જગ્યાએ નદીનું ધોવાણ ચાલુ છે. લોકોને ઘર છોડીને સ્થળાંતર કરવાની ફરજ પડી રહી છે. પૂરગ્રસ્ત વિસ્તારના લોકો વારંવાર વહીવટીતંત્રને ધોવાણ અટકાવવા અને પૂર નિયંત્રણ માટે નક્કર પગલાં લેવાની માંગ કરી રહ્યા છે, પરંતુ અત્યાર સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

### વડાલી નગરપાલિકા વિસ્તાર ખાતે રાત્રે ૮.૦૦ થી ૮.૧૦ કલાક સુધી બ્લેક આઉટ (અંધાર પટ) કરવામાં આવ્યું

## વડાલી બ્લેક આઉટને વ્યાપક પ્રતિસાદ મળ્યો : રહેણાંક વિસ્તારોમાં અંધારપટનો અમલ કરવામાં આવ્યો હતો

(ગરવી તાકાત) ઈડર તા.૧

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દેશના સરહદી વિસ્તારના તમામ રાજ્યોને નાગરિક સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ નિર્દેશ જાહેર કર્યો છે. જે અન્વયે ઈન્ચાર્જ કલેક્ટરશ્રી હર્ષદ વોરાના દિશાનિર્દેશ હેઠળ તેમજ નિવાસી અધિક કલેક્ટરશ્રી ક્રિષ્ના વાઘેલાના માર્ગદર્શનમાં વડાલી નગરપાલિકામા મોકડ્રીલ યોજાઈ હતી.વડાલી નગરપાલિકા વિસ્તારોમાં રાત્રે ૮.૦૦ થી ૮.૧૦ વાગ્યા દરમિયાન બ્લેક આઉટ (અંધાર પટ) કરવામાં આવ્યું હતું. વડાલી ખાતેના બ્લેક આઉટને વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો.તેમજ રહેણાંક વિસ્તારોમાં અંધારપટનો અમલ કરવામાં આવ્યો હતો. આ સાથે રસ્તા ઉપર વાહનોની પાંખી અવર-જવર જોવા મળી હતી. આપત્તિ સમય સામે આગોતરી તૈયારી તેમજ લોકજાગૃતિ માટે આ બ્લેકઆઉટ કરાયું હતું.મોકડ્રિલ અને બ્લેકઆઉટના ત્વરિત અને સુગમ આયોજનથી જિલ્લા વહીવટી તંત્રએ સંદેશો આપ્યો છે કે તેઓ કોઈપણ પ્રકારની આપત્તિનો સામનો કરવા માટે સજ્જ છે.

આ પ્રકારની કવાયતો દેશની સુરક્ષા અને નાગરિકોની સલામતી માટે અત્યંત મહત્વપૂર્ણ છે.આપત્તિના સમયે તંત્ર અને નાગરિકોની તૈયારીનું મૂલ્યાંકન કરવામાં પણ તે મદદરૂપ થાય છે.અને ભવિષ્યની કોઈપણ કટોકટી માટેની સજ્જતા સુનિશ્ચિત કરે છે.

### ૧૨૫૩ ગામો માંથી સમિતિના સભ્યો બને એ હેતુથી કરવામાં આવ્યું હતું

## અર્બુદા સેવા સમીતિ ગુજરાત પ્રદેશ દ્વારા અરવલ્લીના મેઘરજના પલોડા મહિલા સંમેલનનું ભવ્ય આયોજન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

અર્બુદા સેવા સમિતિ ગુજરાત પ્રદેશ દ્વારા અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઈપલોડા ગામે મહિલા સમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સમેલનનું આયોજન સમિતિમાં બહેનોની સંખ્યા વધુમાં વધુ બને તથા રાજ્યના ૧૨૫૩ ગામો માંથી સમિતિના સભ્યો બને એ હેતુથી કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિશેષ મહેમાન તરીકે શ્રી પી. સી. બરંડા માન. ધારાસભ્યશ્રી ઉપસ્થિત રહીને સમાજ એક બને,નેક બને અને સમાજ નિર્માણ થી રાષ્ટ્ર નિર્માણ થાય તેવી વાત કહી હતી.આ કાર્યક્રમમાં શ્રી એન. ડી.ચૌધરી ઉપાધ્યક્ષે સમિતિના ઉદ્દેશ્યો તથા અત્યારના સમયે જરૂરિયાતો વિશે માર્ગદર્શન આપ્યું હતું.શ્રી કાંતિલાલ પટેલ (ધનસુરા)



ડિરેક્ટર સાબર ડેરી દ્વારા સમાજને સમિતિમાં જોડાવવાની અપીલ કરી હતી.શ્રી અનિલભાઈ પટેલ સેક્રેટરી શામળાજી મંદિર દ્વારા સમાજને અત્યારના સમયે શું શું ધ્યાન રાખવાની જરૂર છે તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યક્રમમાં શ્રી મૂળજીભાઈ પટેલ,શ્રી શંકરભાઈ ચૌધરી,શ્રી નટુભાઈ ચૌધરી,શ્રી હરિભાઈ ચૌધરી તથા મોટી સંખ્યામાં સમિતિની બહેનો તથા ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન સમિતિના મહિલા પાંખના શ્રીમતી દુર્ગાબેન પટેલે કર્યું હતું જેમાં ગ્રામજનોને ખુબ જહેમત ઉઠાવી હતી.

### ઉત્તર પ્રદેશમાં અરાજક તત્વોએ મંદિરમાં રાખેલી મૂર્તિમાં તોડફોડ કરી

લખનૌ,તા.૩૧

ઉત્તર પ્રદેશના બહરાઇચ જિલ્લામાં, કેટલાક અરાજક તત્વોએ મંદિરમાં રાખેલી મૂર્તિમાં તોડફોડ કરી હોવાનો આરોપ છે. પોલીસે શનિવારે આ માહિતી આપી. પોલીસે જણાવ્યું કે આ ઘટનાથી ગ્રામજનોમાં ગુસ્સો ફેલાયો હતો. થોડી જ વારમાં ગામનું વાતાવરણ ગરમાયું.



(ફાઈલ તસ્વીર)

આ કેસ અંગે વધુ માહિતી આપતાં, અધિક પોલીસ અધિક્ષક (ગ્રામીણ) દુર્ગા પ્રસાદ તિવારીએ શનિવારે જણાવ્યું હતું કે શુક્રવારે રામગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારના ખાસા મોહમ્મદપુર ગામમાં સ્થિત એક મંદિરમાં કેટલાક બેકાબૂ તત્વોએ મૂર્તિની તોડફોડ કરી હતી. તેમણે કહ્યું કે ગુસ્સે ભરાયેલા ગ્રામજનો મંદિરની બહાર એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું.

દુર્ગા પ્રસાદ તિવારીએ જણાવ્યું હતું કે પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને કાર્યવાહીનું આશ્વાસન આપ્યું હતું. ત્યારબાદ ગ્રામજનો શાંત થયા હતા. આ પછી, ગ્રામજનોએ સરયુ નદીમાં ગાયબ થયેલી મૂર્તિનું વિસર્જન કર્યું હતું.પોલીસ અધિકારી તિવારીએ જણાવ્યું હતું કે ત્યાં એક નવી મૂર્તિ સ્થાપિત કરવામાં આવી રહી છે. આ સંદર્ભે કેસ નોંધવામાં આવ્યો છે. તિવારીએ જણાવ્યું હતું કે ગામમાં પૂરતો પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યો છે અને કેટલાક શંકાસ્પદોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

એએસપીએ જણાવ્યું હતું કે આ ઘટના અંગે કેટલાક લોકોએ સોશિયલ મીડિયા પર હિંસક વિરોધ પ્રદર્શનો કરવાની હાકલ કરી હતી, તેથી કલમ ૧૬૩ હેઠળ જિલ્લામાં પ્રતિબંધિત આદેશો લાગુ કરવામાં આવ્યા છે.મહસીના પોલીસ સર્કલ ઓફિસર ડી.કે. શ્રીવાસ્તવે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કેટલાક અરાજકતાવાદી તત્વો સોશિયલ મીડિયા દ્વારા લોકોને ૩૧ મેના રોજ ધાર્મિક લાગણીઓ ભડકાવીને હિંસક વિરોધ પ્રદર્શન કરવા માટે ઉશ્કેરી રહ્યા છે. આવા અસામાજિક તત્વોને ઓળખવામાં આવશે અને તેમની સામે કેસ નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### બાઇક ચોરીના ૭ ગુનામાં પકડાયેલો શખ્સ ફરી હિંમતનગરમાંથી ઝડપાયો

## બી ડિવિઝન પોલીસે ભોલેશ્વર પુલ પાસેથી ચોરીના બાઈક સાથે આરોપીને પકડ્યો

(ગરવી તાકત) હિંમતનગર તા.૧

હિંમતનગર બી ડિવિઝન પોલીસે અનડિટેક્ટ ગુનાઓની તપાસ દરમિયાન એક શખ્સને ચોરીના બાઈક સાથે ઝડપી પાડ્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે ભોલેશ્વર પુલ પાસેથી કુંદન જયંતીભાઈ વણકર (ઉં.વ. ૩૭, રહે. ફતેપુર, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા)ને પકડવામાં આવ્યો હતો.

આરોપી પાસેથી મળેલા બાઈક (નંબર GJ.09.CT.8070)ના આધાર પુરાવા માંગતા તે રજૂ કરી શક્યો ન હતો. પોકેટકોપ ઈ-ગુજકોપ મોબાઈલ એપમાં તપાસ કરતા આ



બાઈક ચોરીનું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ.૧૫,૦૦૦ની કિંમતનું બાઈક જપ્ત કર્યું છે.

તપાસમાં બહાર આવ્યું કે, આરોપી અગાઉ પણ બાઈક ચોરીના સાત(૭) ગુનામાં પકડાયો છે. તેમાં હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૪ વખત અને એ ડિવિઝનમાં ૩ વખત પકડાયો છે. જેલમાંથી છૂટ્યા બાદ તેણે ફરી ચોરી કરી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### સર્વ સમાજની ૨૧ દીકરીઓના સમૂહલગ્નનું આયોજન

## માલોસણામાં ૨ જૂને લગ્ન યોજાશે, કદમ સેવા સમિતિ દ્વારા ગણેશ સ્થાપના સાથે કાર્યક્રમનો પ્રારંભ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧

માલોસણામાં કદમ સેવા સમિતિ ટ્રસ્ટ ગુજરાત દ્વારા દ્વિતીય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્નમાં સર્વ સમાજની ૨૧ દીકરીઓના લગ્ન ૨ જૂન ૨૦૨૫ના રોજ યોજાશે.

સમૂહલગ્નના આયોજન અંતર્ગત આજે ગ્રહશાંતિ સમૂહમાં ગણેશ સ્થાપના વિધિ સંપન્ન કરવામાં આવી. કદમ સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા ૩૧ મે ૨૦૨૫ના રોજ સમૂહલગ્નમાં જોડાનાર દીકરીઓ માટે રાસ-ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ સમૂહલગ્ન કાર્યક્રમ સમાજમાં સામાજિક એકતા અને સાદગીનો સંદેશ આપવાનો પ્રયાસ છે.

Volume : 11 Issue : 49 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002